**નળ સરોવરમાં પક્ષીઓના શિકાર બાબત**

*** 15/4/2396 શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા** (જમાલપુર–ખાડીયા)**: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નળસરોવરના વિસ્તારમાં પક્ષીઓના શિકારના કેટલા બનાવો વન વિભાગમાં નોંધાયા, | (૧) |
| (૨) તે અન્વયે કેટલા ઈસમોને પકડવામાં આવ્યા, | (૨) |

(૧)

| વર્ષ | કેસની સંખ્યા |
|---|---|
| ૨૦૨૨ | ૦૩ |
| ૨૦૨૩ | ૦૬ |

(૨)

| વર્ષ | ઈસમની સંખ્યા |
|---|---|
| ૨૦૨૨ | ૦૨ |
| ૨૦૨૩ | ૦૧ |

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૩) પક્ષીઓના શિકારમાં સંડોવાયેલા કેટલા ઈસમોને પકડવાના બાકી છે, | (૩) ઉક્ત સ્થિતિએ નળસરોવરમાં વર્ષ ૨૦૨૩માં ૦૧(એક) ઈસમની શોધખોળ ચાલુ છે. તથા બાકીના કેસો બિનવારસી નોંધાયેલ હોઈ, એકપણ ઈસમને પકડવાના બાકીમાં નથી. |
| (૪) ઉકત બાકી ઈસમોને પકડવા શા પગલા લેવામાં આવ્યા, અને | (૪) બાકી ૦૧ (એક) ઈસમને પકડવા માટે વન વિભાગની ટીમ દ્વારા વારંવાર તે ઈસમના ગામમાં અને તેઓના ઘરે તપાસ કરવામાં આવે છે. ઈસમને હાજર થવા તેઓના ગામ આગેવાનોને પણ જાણ કરવામાં આવેલ છે. ખાનગી રાહે તેઓના લોકેશન મેળવવાની કાર્યવાહી ચાલુ છે. |
| (૫) પક્ષીઓના શિકાર અટકે તે માટે વન વિભાગ દ્વારા શાં પગલા લેવામાં આવ્યા? | (૫) પક્ષીઓનો શિકાર અટકે તે માટે વન વિભાગ દ્વારા સઘન પેટ્રોલિંગ કરવામાં આવે છે. જેમા બોટ દ્વારા સરોવર વિસ્તારમાં પેટ્રોલિંગ તથા રોડ પેટ્રોલિંગ અને સમયાંતરે નાકાબંધી પણ કરવામાં આવે છે. પક્ષી શિકારમાં વપરાતી પાંખડો(નેટ) ઘ્રાબ તથા પતંગ અને દોરી પણ પકડવામાં આવે છે. |

-----------------------------